# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1) અમદાવાદમાં કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની શિબીરમાં સલામતીના વિવિધ પાસાઓની ચર્ચા કરાઈ
2) બિનખેતી જમીનના પુનઃ હેતુ ફેર માટે જંત્રી કિંમતના 10 ટકા વસુલવામાં આવશે.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાયોગેસ અને બાયો ફ્યુઅલની જાગૃતિ માટે કાર રેલીને હિંમતનગરથી પ્રસ્થાન કરાવ્યું  મહિલાઓને પ્રાકૃતિક ખેતીને અપનાવવા આહ્વાન કર્યુ
4) સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ફરજીયાત હેલ્મેટ પહેરવાની સૂચના આપવા માટે રાજ્ય પોલીસ વડાનું ઉપકુલપતિઓને પત્ર
5) રાજ્યમાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ – ગાંધીનગરમાં 15 ડિગ્રી તાપમાન નોંધાયું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# DGP CONF

ડીજીપી અને આઇજીપી કોન્ફરન્સ અંગેનો એક દિવસિય વર્કશોપ અમદાવાદ ખાતે યોજાયો હતો. દેશની સુરક્ષા માટે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ વચ્ચે સંકલન વધે તે હેતુથી આ કાર્યશાળા યોજાઇ હતી. ગુજરાત ઇન્ટેલીજન્સ બ્યુરો દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામા યોજાયેલા આ વર્કશોપમાં સૂચિત મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

આ એક દિવસીય વર્કશોપમાં ડીપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનિકેશન, NCB, સેન્ટ્રલ આઇ.બી, CBI જેવી વિવિધ કેન્દ્રીય એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તેમના ડિપાર્ટમેન્ટ બાબતે અને તેમની કામગીરી બાબતે જરૂરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું, જેમાં તેમના ડિપાર્ટમેન્ટ દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ પોર્ટલ અને એપ્લીકેશન બાબતે પોલીસ અધિકારીઓને વાકેફ કરવામાં આવ્યા હતાં.

રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સલામતીના વિવિધ પાસાઓની ચર્ચા પણ કરી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી- અમદાવાદ –હર્ષલ પંડ્યા

NAVIN

# REVISED BINKHETI MANJURI

રાજ્યમાં બિનખેતી થયેલી હોય તેવી જમીન પુનઃહેતુફેર માટે આવે ત્યારે પ્રવર્તમાન જંત્રી કિંમતના 10 ટકા વસૂલ કરીને જમીનને હેતુફેર બિનખેતી કરી શકાશે. રાજ્યમાં સુધારેલ બિનખેતી પરવાનગીની પ્રક્રિયા ત્વરિત અને પારદર્શક બનાવવા રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે.

આ નિર્ણય મુજબ, કોઈ પણ હેતુ માટે અગાઉ પ્રીમિયમ વસૂલ કરવાપાત્ર હોવા છતાં પ્રીમિયમ વસૂલ થયા વિના બિનખેતી થઈ હોય તેવી જમીન પુન: હેતુફેર માટે આવતી જમીનને બિનખેતી કરી અપાશે. ઉપરાંત જે કિસ્સાઓમાં પ્રીમિયમ વસૂલાતનો અગાઉ નિર્ણય થઈ ગયો હોય તેવા કિસ્સામાં આ નિર્ણય લાગુ નહીં કરવામાં આવે.

---------------------------------------------------------------------------

- રીપીટ

# AMIT SHAH RALLY – ORGANIC FARMING

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે ગઈકાલે હિંમતનગરમાં બાયોગેસ અને બાયો ફ્યુલ સંચાલિત કાર રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર રેલી ૨૬ નવેમ્બર નેશનલ મિલ્ક ડેના દિવસે દિલ્હી પહોંચશે

અમૂલ અને મારૂતી સુઝુકીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ કાર રેલીનો મુખ્ય આશય ભારતભરમાં બાયોગેસની જાગૃતતા ફેલાવવા માટેનો છે.

આ ઉપરાંત શ્રી શાહે સાબરડેરીના દૈનિક ૪00 મેટ્રિક ટનની ક્ષમતાના પશુઆહાર ઉત્પાદનના પ્લાન્ટના ઉદઘાટન પ્રસંગે મહિલા પશુપાલકો સાથે પણ સંવાદ સાધ્યો હતો.

મહિલા જાગૃતિ કાર્યક્રમ  દરમિયાન મહિલાઓના પશુપાલન વ્યવસાય અંગે વિસ્તૃત માહિતી મેળવીને મહિલાઓની પશુપાલનના વ્યવસાય દ્વારા કરેલા વિકાસની માહિતી મેળવી હતી.

## (બાઈટઃ અમિત શાહ- પ્રાકૃતિક ખેતી મુદ્દે)

--------------------------------------------------------------------

- પીટીસી- સાબરકાંઠા- હર્ષલ પંડ્યા

NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# AMIT SHAH ON NEW LAWS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ‘છેલ્લા 10 વર્ષ દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તર-પૂર્વ અને નક્સલવાદ જેવા સૌથી હિંસા અસરગ્રસ્ત વિસ્તારોમાં 70 ટકા હિંસા ઓછી કરવામાં સફળતા મળી છે.’ ગાંધીનગર ખાતે ગઈકાલે 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે કહ્યું કે, ‘છેલ્લા 50 વર્ષમાં દેશ અને વિશ્વમાં પરિવર્તન આવતાં પોલીસનું સ્વરૂપ બદલાયું છે.’

શ્રી શાહે કહ્યું, ‘ગુનાખોરીને ડામવા કેન્દ્ર સરકારે ત્રણ નવા ફોજદારી કાયદા અમલમાં મૂક્યા છે. આ નવા કાયદામાં બધી જ વસ્તુઓ ટેક્નોલોજી સાથે જોડવામાં આવી છે.

**(બાઈટ- અમિત શાહ- ત્રણ નવા કાયદા મુદ્દે)**

--------------------------------------------------------------------

- *(માહિતી ખાતા-પ્રવેશ)*

NAVIN

# SANYUKT VIMOCHA

ભારતીય સેનાએ વાર્ષિક સંયુક્ત માનવતાવાદી સહાય અને આપદા રાહત કવાયત 'સંયુક્ત વિમોચન 2024' સફળતાપૂર્વક હાથ ધરી હતી. અમદાવાદ તેમજ પોરબંદર ખાતે યોજાયેલી આ કવાયતમાં સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ઉપસ્થિત રહ્યાં હતા, જેમાં કોઇપણ આપત્તિને પહોંચી વળવા ભારતની તૈયારી પ્રદર્શિત કરાઇ હતી.

અમદાવાદ ખાતે કવાયતના પ્રારંભિક કાર્યક્રમમાં 'ગુજરાતના દરિયાકાંઠાના પ્રદેશમાં ચક્રવાત'ની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી ટેબલ ટોપ કવાયત રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય આપદા વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA), ગુજરાત રાજ્ય આપદા વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA), હવામાન વિભાગ અને FICCIના પ્રતિનિધિઓએ ભારતીય સશસ્ત્ર દળોના અધિકારીઓ સાથે હાજરી આપી હતી. જ્યારે ગઇકાલે પોરબંદરના ચોપાટી બીચ પર મલ્ટી-એજન્સી ક્ષમતા પ્રદર્શન યોજાયું હતું

ચક્રવાત જેવી આવેલી પરિસ્થિતિ દરમિયાન સંકલિત લોજિસ્ટિક્સ, ઝડપી પ્રતિભાવ અને અસરકારક આપદા વ્યવસ્થાપન વ્યૂહરચનાની પ્રેક્ટિસ કરતી વિવિધ એજન્સીઓની કામગીરી રજૂ કરવામાં આવી હતી

કવાયત દરમિયાન તૈનાત સંસાધનોની સહાયથી દુર્ઘટનાગ્રસ્ત લોકોના સ્થળાંતરણનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

---

- અખબારી યાદી- હર્ષલ પંડ્યા

NAVIN

# DGP HELMET COMPALSORY

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે ગુજરાતની તમામ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરોને પત્ર પાઠવીને વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં કાર્યરત સ્ટાફને ફરજીયાત હેલ્મેટ પહેરવાની સૂચના આપવા જણાવ્યું છે.

રાજ્ય પોલીસ વડાએ પત્રમાં જણાવ્યું હતું કે રાજ્યમાં વર્ષ 2023 દરમિયાન થયેલા અકસ્માતમાં 7 હજાર 854 લોકોએ જીવ ગુમાવ્યા હતા જેમાંથી બે હજાર 676 લોકોએ હેલ્મેટ ન પહેરવાને કારણે જીવ ગુમાવ્યા હતા. ડીજીપીએ પત્રમાં એ પણ ઉલ્લેખ કર્યો હતો કે મૃત્યુ પામનાર લોકોમાં બે હજાર 82 એવા યુવાનો હતો કે જેમની વય 26 વર્ષ કરતાં નીચેની હતી. આ અંગે ચિંતા વ્યક્ત કરીને રાજ્ય પોલીસ વડાએ સરકારી અને ખાનગી યુનિવર્સિટીના ચાન્સેલરોને વિદ્યાર્થીઓ અને તેમના કાર્યરત કર્મચારીઓને ફરજીયાત હેલ્મેટ પહેરવાની સૂચના આપવામાં આવે.

આ પત્રમાં ડીજીપીએ ગુજરાત હાઇકોર્ટ દ્વારા સુઓ મોટો પીટીશન દાખલ કરીને રાજ્યની પોલીસને દ્વી ચક્રી વાહન ચલાવનાર અને પાછળ બેસનાર વ્યક્તિને ફરજીયાત હેલ્મેટ પહેરવાના આદેશની ફરજીયાત પણે અમલવારી કરાવવાની સૂચનાનો ઉલ્લેખ પણ કર્યો છે.

---

- પીટીસી- અમદાવાદ – હર્ષલ પંડ્યા

NAVIN

# Weather

રાજ્યમાં વહેલી સવારે અને મોડી રાત્રે તાપમાનમાં ઘટાડો નોંધાતા ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં રાત્રિના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. સૌથી ઓછું 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગર ,નલિયા અને  કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું. અમરેલી, રાજકોટ, મહુવા, કેશોદ વડોદરામાં લઘુતમ તાપમાન 17 ડિગ્રી નોંધાયું હતું.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી કરી છે. હવામાન વિભાગના અધિકારી એ કે દાસે વધુ માહીતી આપતા આ મુજબ જણાવ્યું હતું

## બાઇટ એ કે દાસ

---------------------------------------------------------------------

- Ptc ,અમદાવાદ, મિતલ

NAVIN

# Brazil Riyo Summit- surat

બ્રાઝિલ ખાતે યોજાયેલી યુ-20 રીયો મેયર્સ સમિટમાં સમગ્ર દેશમાંથી માત્ર સુરતનાં મેયરને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સંમેલનમાં સુરતના મેયર દક્ષેશ માવાણીએ સુરત  પાલિકાની કામગીરી રજૂ કરતા જણાવ્યું હતું કે, સુરત શહેરી નવીનીકરણ અને ટકાઉપણુંમાં મોખરે રહ્યું છે. સુરત તેના મજબૂત શહેરી આયોજન અને માળખાકીય વિકાસ માટે જાણીતું છે. શહેરે તેના તૃતીય ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ટકાઉ જળ વ્યવસ્થાપનની પહેલ કરી છે, જે ઔદ્યોગિક ઉપયોગ માટે ગંદા પાણીને રિસાયકલ કરે છે. આ પહેલ મારફત વાર્ષિક અંદાજે 17 મિલિયન ડોલરની આવક મેળવવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, હાલમાં, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપયોગમાં લેવાતી કુલ ઉર્જામાંથી 28% ઊર્જા સૌર અને પવન ઊર્જાના સ્ત્રોતોમાંથી આવે છે. 431 મેગાવોટની કુલ ક્ષમતા ઉત્પન્ન કરતી 87 હજારથી વધુ સ્થાપનો સાથે, સુરત સૌર ઊર્જામાં અગ્રેસર સ્થાન પ્રાપ્ત કર્યું છે

---

-હિં.સ  અનિલ પટેલ NAVIN

# Rajkot Sahkari Bank Election

રાજકોટ નાગરીક સહકારી બેંકની પાંચમી ચૂંટણીમાં સહકાર પેનલનો વિજય થયો છે. ગઈકાલે મતગણતરી પૂરી થતાં સહકાર પેનલના કુલ ૧૫ ઉમેદવારો જંગી બહુમતીથી તેમજ ૬(છ) ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા હોય રાજકોટ નાગરીક સહકારી બેન્કની તમામ ૨૧ બેઠક ઉપર સહકાર પેનલની જીત થઈ છે.

આ ચૂંટણીમાં મહિલા અનામત બે બેઠક માટે બહારગામ અને રાજકોટ શહેરના કુલ ૩૩૨ મતદારોએ મતદાન કર્યું હતું અને બાકીની ૧૩ બેઠક માટે ૧૮૯ મતદારોએ મતદાન કર્યું હતું. સહકારી બેંકિંગમાં નવા નિયમો અનુસાર પ્રથમવાર રાજકોટના કલેક્ટરના નેતૃત્વ હેઠળ પ્રથમવાર ચુંટણીનું આયોજન થયેલ હતું.

---

- PTC-RAJKOT-JAYDEEP PANDYA, MITTAL, SONAL